સ્વીકાર્યા તારીખ : ૦૭/૧૦/૨૦૨૨
નોંધ્યા તારીખ : ૦૭/૧૦/૨૦૨૨
જજમેન્ટ તારીખ : ૨૦/૧૦/૨૦૨૨
સમયગાળો : વર્ષ માસ દિવસ

सत्यमेव जयते

# તિલકવાડાના મુખ્ય જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.તિલકવાડા.

**ક્રિમીનલ કેસ નં. પ૪૨/૨૦૨૨**

**આંક : ૧૪**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી : કંચનભાઈ મોહનભાઈ તડવી**
ઉ.વ.પપ, ધંધો : ખેતી
રહે.ડાભેડ, તા.તિલકવાડા, જી.નર્મદા.

**ગુન્હો :** ધી પ્રોહીબીશન એકટની કલમ–૬પએએ મુજબ

ફરીયાદપક્ષે : વિ.એપીપીશ્રી આર.બી.વસાવા
આરોપીપક્ષે : વિ.વકીલશ્રી એમ.એફ.મલેક

**:: જ જ મે ન્ટ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની સંક્ષિપ્તમાં હકીકત એવી છે કે, આરોપીએ તા.૧૮/૦૮/૨૦૨૧ ના રોજ કલાક–૨૦/૦૦ ના સુમારે મોજે ડાભેડ ગામે વગર પાસ પરમીટે પોતાના ઘરના આગળના ભાગે એક પ્લાસ્ટીકની થેલીમાં પ્લાસ્ટીકની પોટલી નંગ–૧૦ માં દેશી દારૂ લીટર–પ, કિં.રૂા.૧૦૦/– નો રાખી, પોલીસની રેડ દરમ્યાન હાજર નહીં મળી આવી, ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ અન્વયે સજાને પાત્ર ગુનો કર્યા અંગેની ફરીયાદ, ફરીયાદીએ તિલકવાડા પોલીસ સ્ટેશને પ્રોહી. ગુ.ર. નં.૧૧૮૨૩૦૨૫૨૧૦૪૫૦/૨૦૨૧ થી નોંધાવતા, સદર ફરીયાદના આધારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ આવી જતાં, આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતાં, આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ મુજબના પોલીસ પેપર્સ તથા ચાર્જશીટની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૦ અન્વયે આરોપીને ગુના અંગેની સમજ કરી, આરોપી સામે આંક–૪ થી ગુના અંગેનું તહોમતનામુ ફરમાવી, તે આરોપીને વાંચી, સંભળાવી, સમજાવીને, આરોપીનો આંક–૫ થી ગુના અંગેનો જવાબ નોંધતા, તેમાં આરોપીએ 'ગુનો કબુલ નથી' તેમ જણાવતા, સદર કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂ રાખવામાં આવેલ.

(૩) સદર કામે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| **અનુ.નં.** | **સાહેદની વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | પંચસાહેદ રમણભાઈ સોમાભાઈ બારીયા | ૮ |
| (૨) | પંચસાહેદ નરેશભાઈ કાંતીભાઈ ભીલ | ૧૦ |
| (૩) | ફરીયાદી/ત.ક.અમલદાર બળવંતભાઈ સોમાભાઈ | ૧૨ |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| **અનુ.નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામુ | ૯ |
| (૨) | ફરીયાદ | ૧૩ |

(૪) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ, સદર કામે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીને તેની સામેના ગુનાની સમજ આપી, તે સંબંધમાં જવાબ નોંધતા, આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેની હાજરીમાં તથા સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકત કબુલી, બાકીની બાબતોનો ઈનકાર કરેલ છે. આરોપીએ પોતાને સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના કોઈ સાહેદ તપાસવા નથી તેવું જણાવેલ છે. વિશેષમાં પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૫) આ કામમાં ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રી આર.બી.વસાવાએ તેમની દલીલમાં જણાવેલ છે કે, ગુનાવાળી જગ્યાએથી એટલે કે આરોપીના ઘરના આગળના ભાગેથી દેશી દારૂ મળી આવેલ છે. જે પંચો રૂબરૂ પંચનામુ કરીને કબજે લેવામાં આવેલ અને આમ આરોપીની ગુનામાં પ્રત્યક્ષ સંડોવણી છે. આ કામે પંચોએ પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. પંચો સ્થાનીક હોય જેથી આરોપીની વિરૂધ્ધ જુબાની ન આપે તે સ્વાભાવિક છે. ફરીયાદી/ત.ક.અમલદારે ફરીયાદને પૂર્ણ સમર્થન આપેલ છે. આમ ફરીયાદપક્ષનો કેસ સાબિત થયેલ છે, જેથી આરોપીને કડક સજા કરવા વિનંતી કરી છે.

(૬) આરોપીના વિ.વકીલશ્રી એમ.એફ.મલેકે દલીલ કરી જણાવેલ છે કે, આ કામે ફરીયાદી તથા ત.ક.અમલદાર એક જ છે અને પોતે પોલીસ ખાતાના રસ ધરાવતા સાહેદ છે. તેમજ સ્વતંત્ર સાહેદો બનાવ સ્થળેથી મળી શકે તેમ હતા છતાં ત.ક.અમલદારે સ્વતંત્ર સાહેદોને લીધેલ નથી અને પંચો ફરી ગયેલા છે. આવા સંજોગોમાં મુદ્દામાલ આરોપીનો જ હતો તેવું માની શકાય નહીં તેમજ ફરીયાદપક્ષે એફ.એસ.એલ.નો રીપોર્ટ પણ રજૂ કરેલ નથી. તે રીતે ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરી છે.

(૭) ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કેસના આખરી નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૮/૦૮/૨૦૨૧ ના રોજ કલાક–૨૦/૦૦ ના સુમારે મોજે ડાભેડ ગામે વગર પાસ પરમીટે પોતાના ઘરના આગળના ભાગે એક પ્લાસ્ટીકની થેલીમાં પ્લાસ્ટીકની પોટલી નંગ–૧૦ માં દેશી દારૂ લીટર–૫, કિં.રૂા.૧૦૦/– નો રાખી, પોલીસની રેડ દરમ્યાન હાજર નહીં મળી આવી, ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

(૯) ઉપરોકત નિર્ણયો પરત્વેના મારા કારણો, અવલોકનો અને તારણો નીચે મુજબ છે.

**:: કારણો ::**

**મુદ્દા નં.૧**

(૧૦) સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની ફરીયાદના અનુસંધાનમાં આરોપી વિરૂધ્ધ તે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્વારા રેકર્ડ પર રજૂ કરી તે મુજબનો ગુનો શંકારહીત પુરવાર કરવો જોઈએ. આરોપીપક્ષે ઉલટતપાસ ધ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવું જોઈએ અને જો કોઈ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજૂ કરવો જોઈએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં આરોપીપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવું માની શકાય નહીં, પરંતુ સૌ પ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ શંકારહીતનો પુરાવો રજૂ કરવો જોઈએ તેવું કાયદાનું ધોરણ છે.

(૧૧) ફરીયાદપક્ષે આરોપી સામે ગુનો પુરવાર કરવા માટે આરોપીએ વગર પાસ પરમીટે પ્રોહી પ્રતિબંધક વિસ્તારમાં દેશી દારૂ રાખેલ હોય અને પોલીસની રેડ દરમીયાન હાજર મળી આવેલ ન હોય તે હકીકત રેકર્ડ પર પુરાવા ધ્વારા પુરવાર થવી અતિ મહત્વની અને જરૂરી છે.

(૧૨) આ કામમાં ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો, આંક–૮ થી પંચસાહેદ રમણભાઈ સોમાભાઈ બારીયા સોગંદ ઉપર એવો પુરાવો આપે છે કે, તિલકવાડા પોલીસે તેમને પોલીસ સ્ટેશન બોલાવી તૈયાર કાગળ ઉપર તેમની સહી

કરાવેલી. આ સહી શું બાબતે કરાવેલી તે તેઓ જાણતા નથી. પોલીસે તેમની રૂબરૂ કોઈ ઈસમના ઘરમાંથી દારૂ પકડેલ હોય અને તેનું પંચનામુ કરેલ હોય તેવું બનેલ નથી. તેઓએ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવતા પંચનામુ આંક–૯ થી રજુ થયેલ છે.

સદર પંચસાહેદ પંચનામાની વિગતને સમર્થન આપતા નહીં હોવાથી વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી પંચસાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે અને વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો સદર પંચસાહેદને પુછવાની પરવાનગી આપવા છતાં સદર પંચસાહેદની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ પુરાવો સદર પંચસાહેદ પાસેથી કઢાવી શકેલ નથી.

આરોપી તરફે વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં, સદર પંચસાહેદ એ હકીકત સ્વીકારે છે કે પોલીસે તૈયાર લખેલા કાગળ ઉપર તેમની સહી કરાવેલી, તે સિવાય પંચનામાની હકીકતે તેઓ કંઈ જાણતા નથી. એ હકીકત સ્વીકારે છે કે તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ દારૂની રેડમાં ગયેલ નથી.

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે બીજા પંચસાહેદ નરેશભાઈ કાંતીભાઈ ભીલ આંક–૧૦ થી સોગંદ ઉપર એવો પુરાવો આપે છે કે, તિલકવાડા પોલીસે તેમને પોલીસ સ્ટેશન બોલાવી તૈયાર કાગળ ઉપર તેમની સહી કરાવેલી. આ સહી શું બાબતે કરાવેલી તે તેઓ જાણતા નથી. પોલીસે તેમની રૂબરૂ કોઈ ઈસમના ઘરેથી દારૂ પકડેલ હોય અને તેનું પંચનામુ કરેલ હોય તેવું બનેલ નથી. તેઓએ આંક–૯ વાળા પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

સદર પંચસાહેદ પંચનામાની વિગતને સમર્થન આપતા નહીં હોવાથી વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી પંચસાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે અને વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો સદર પંચસાહેદને પુછવાની પરવાનગી આપવા છતાં સદર પંચસાહેદની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ પુરાવો સદર પંચસાહેદ પાસેથી કઢાવી શકેલ નથી.

આરોપી તરફે વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં, સદર પંચસાહેદ એ હકીકત સ્વીકારે છે કે પોલીસે તૈયાર લખેલા કાગળ ઉપર તેમની સહી કરાવેલી, તે સિવાય પંચનામાની હકીકતે તેઓ કંઈ જાણતા નથી. એ હકીકત સ્વીકારે છે કે તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ દારૂની રેડમાં ગયેલ નથી.

(૧૪) આમ સદર બંને પંચસાહેદોના પુરાવા ઉપરથી આંક–૯ ના મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચનામાની હકીકતો પુરવાર થતી ન હોય, સદર બંને પંચસાહેદોનો પુરાવો આરોપી વિરૂધ્ધ પુરાવા તરીકે ગ્રાહય રાખી શકાય તેમ નથી.

(૧૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૨ થી ફરીયાદી તથા ત.ક.અમલદાર બળવંતભાઈ સોમાભાઈ સોગંદ ઉપર એવો પુરાવો આપે છે કે, તા.૧૮/૦૮/૨૦૨૧ ના રોજ તેઓ તથા અ.પો.કો. મહેશભાઈ ગુમાનભાઈ તથા જયેશભાઈ કાનજીભાઈ બીટ–૧ વિસ્તારમાં પેટ્રોલીંગમા નિકળેલા, તે દરમ્યાન બાતમીદારથી બાતમી મળેલ કે ડાભેડ ગામમા રહેતો કંચનભાઈ મોહનભાઈ તડવીનાઓ ચોરીછુપીથી દેશી દારૂનુ વેચાણ કરે

છે. જે બાતમી આધારે નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી પંચોને રેડમાં આવવા સમજ કરી સદર બાતમીવાળા ઈસમના ઘરે પ્રોહી રેડ કરવા જતા એક ઈસમ તેના ઘરની આગળ બેઠેલા હતા. તેને ઘર બાબતે પુછતા સદર ઘર કંચનભાઈ મોહનભાઈ તડવીનું હોવાનુ અને તે બહારગામ ગયેલ હોવાનુ અને તેઓ તેમના ભાઈ થતા હોવાનુ પંચો રૂબરૂ જણાવેલ. સદર ઘરના આગળના ભાગે તપાસ કરતા એક પ્લાસ્ટીકની થેલીમાં પ્લાસ્ટીકની પોટલી નંગ–૧૦ માં પ્રવાહી ભરેલ હતુ. સદર પોટલીની ગાંઠો ખોલી અંદરના પ્રવાહીને તેઓ તથા પંચોને સુંધી સુંઘાડી દેશી દારૂની સખત વાસ આવતી હોય તે દેશી દારૂ લીટર–૫, કિં.રૂ.૧૦૦/– નો મુદ્દામાલ હતો. જેથી સદર પોટલીમાંથી સેમ્પલ માટે એક શીશીમા ૧૮૦ મીલી જેટલો દારૂ ભરી લઈ શીશીને બુચ મારી સાથેના પંચોની સહીઓવાળી કાપલી લગાડી લાખ વડે પોસઈ તિલકવાડાના સિકકા વડે સીલ કરી બાકીનો મુદ્દામાલ વધુ તપાસ અર્થે કબજે કરેલ. જે બાબતે વિગતવારનુ પંચનામુ કલાક ૧૯.૩૦ થી કલાક ૨૦.૦૦ સુધીનુ પંચો રૂબરૂ કરવામાં આવેલ. હાજર મળી આવેલ રઘુભાઈને તેમના ભાઈ કંચનભાઈ મોહનભાઈ તડવીને બીજા દિવસે પોલીસ સ્ટેશનમા હાજર રહેવા સમજ કરેલ. ત્યારબાદ તિલકવાડા પોલીસ સ્ટેશનમાં આવી તેઓએ ફરીયાદ આપેલ. તેઓએ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવતા ફરીયાદ આંક–૧૩ થી રજુ થયેલ છે. આ ગુનાની તપાસ સદર સાહેદને મળતાં લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપી સામે પુરતા પુરાવા જણાતા ચાર્જશીટ કરેલી.

આરોપી તરફે વિ.વકીલશ્રીની ઉલટતપાસમાં, સદર ફરીયાદી તથા ત.ક.અમલદાર એ હકીકત સ્વીકારે છે કે તેમની ફરીયાદમા પંચોના નામ સરનામા જણાવેલા નથી. એ હકીકત સ્વીકારે છે કે રેડમાં કયા વાહનમા ગયેલા તે તેમની

ફરીયાદમાં જણાવેલુ નથી. એ હકીકત સ્વીકારે છે કે ગુનાવાળી જગ્યાનો માલિકી અંગેનો કોઈ પુરાવો લેવામા આવેલ નથી. એ હકીકત સ્વીકારે છે કે ગુનાવાળી જગ્યાની બાજુમાં રહેણાંકના મકાનો આવેલા છે અને ત્યાં માણસોની સતત અવરજવર રહે છે. એ હકીકત સ્વીકારે છે કે આરોપી સ્થળ પર હાજર મળેલ નથી. એ હકીકત સ્વીકારેલ છે કે તેમણે આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ હકીકત સ્વીકારે છે કે તેઓ રેડમાં સાથે હતા અને તપાસ પણ તેમણે કરેલી છે. એ હકીકત સ્વીકારે છે કે આ કામે ફરીયાદી અને ત.ક.અમલદાર તેઓ જાતે છે. એ બાબતનો ઈનકાર કરેલ છે કે આરોપી સામે પુરાવો ના હોવા છતા સારી કામગીરી બતાવવા ખોટી ફરીયાદ આપી ખોટી ચાર્જશીટ કરેલી છે.

(૧૬) આ કામે ઉભયપક્ષની દલીલો સાંભળીને ધ્યાને લીધી. રજૂ થયેલ રેકર્ડ અને પુરાવો વંચાણે લેતા, ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર એક જ છે અને પોતે ખાતાના રસ ધરાવતા પોલીસ સાહેદ છે. વળી તેમની જુબાનીમાં કબુલ કર્યા મુજબ ગુનાવાળી જગ્યા રહેણાંકવાળો અને લોકોની સતત અવરજવરવાળો વિસ્તાર છે અને તેઓએ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. આમ જયારે કોઈ સાહેદ પોલીસ ખાતાના રસ ધરાવતા સાહેદ હોય, ત્યારે સ્વતંત્ર અને તટસ્થ સાહેદનો પુરાવો મહત્વનો બની રહે છે. હાલના કિસ્સામાં સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં તપાસ કરનાર અધિકારીશ્રીએ મેળવવા પ્રયત્ન કરેલો નથી. તેમજ પંચસાહેદો કે જેઓએ પંચનામામાં સહી કરેલી છે, પરંતુ તેઓ પંચનામાની હકીકતોને લેશ માત્ર સમર્થન કરતા નથી અને માત્ર પોતાની સહીઓ પોલીસે તૈયાર પંચનામામાં લઈ લીધાનું જણાવેલ છે.

તેથી આંક–૮ ના તથા આંક–૧૦ ના પંચસાહેદો આંક–૯ ના દારૂ કબજે કર્યાના પંચનામાની હકીકતોને લેશ માત્ર સમર્થન કરતા ન હોય, આરોપીનો કબજો માની શકાય નહીં. આમ તપાસવામાં આવેલ ફરીયાદી/ત.ક.અમલદાર કે જેઓ પોલીસ સાહેદ છે અને તેઓના પુરાવાને કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળેલ નથી, તેથી માત્ર તેઓના પુરાવા પર આધાર રાખી શકાય તેમ નથી તેમજ ફરીયાદપક્ષે મુદ્દામાલનો પૃથ્થકરણ રીપોર્ટ પણ રજૂ કરેલ નથી. આમ મુદ્દામાલ દારૂ જ હતો અને સદર મુદ્દામાલ દારૂનો કબજો આરોપીનો જ હતો તે મુદ્દો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે. આમ ફરીયાદપક્ષ આરોપીના કબજામાંથી મુદ્દામાલ દારૂ રીકવર કરવામાં આવ્યો છે તે બાબત તટસ્થ અને સ્વતંત્ર પુરાવાથી સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, તમામ ચર્ચાના અંતે મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **:: આખરી હુકમ ::**

(૧) આરોપી **કંચનભાઈ મોહનભાઈ તડવી**નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–ર૪૮(૧) અન્વયે ધી પ્રોહીબીશન એકટની કલમ–૬પએએ મુજબના ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(ર) સદર કામમાં કબજે લેવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

(૩) સદરહુ કેસમાં અપીલ/રીવીઝન થાય તો આરોપીની હાજરી સહેલાઈથી મળી આવે તે સારૂ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીના જામીન અપીલ પીરીયડ સુધી લંબાવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ–૨૦'મી માહે–ઓકટોબર સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૦/૧૦/૨૦૨૨
સ્થળ : તિલકવાડા.

**(દિપિકા કિશનચંદ્ર મઘનાની)**
મુખ્ય જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, તિલકવાડા.
જીજે૦૧૪૪૭

વાય.આર.ચાવડા (ગુજ. સ્ટેનો.)